



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ચૈત્ર વદ ચોથ, ગુરુવાર ૧૭ એપ્રિલ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૩૮ પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦


## શું કેન્દ્ર સરકાર હિંદુ ધાર્મિક ટ્રસ્ટોમાં મુસ્લિમોને સામેલ કરવા તૈયાર છે? : સુપ્રીમ કોર્ટનો સવાલ

# વક્ફ કાયદાની અમુક જોગવાઈઓ પર રોક મૂકવા સુપ્રીમની દરખાસ્ત

**કેન્દ્રનો** વિરોધઃ આવા કોઈપણ વચગાળાના આદેશ પહેલાં વિગતવાર સુનાવણીની માગ, વક્ફ સુધારા અધિનિયમને પડકારતી 72 અરજીઓ પર સુપ્રીમમાં સુનાવણી શરૂ

**સુપ્રીમે** જોગવાઈ સામેના વાંધાઓની નોંધ લીધી અને અનેક પાસાંઓ પર વાંધો લીધો, ભોગવટેદાર દ્વારા વક્ફની મંજૂરી કેમ નહીં?, જો કે હાલ સ્ટે આપવા ઈનકાર

**નવી દિલ્હી, તા. 16.** એક નોંધપાત્ર ઘટનાક્રમમાં, સુપ્રીમ કોર્ટે બુધવારે વિવાદાસ્પદ વક્ફ (સુધારા) અધિનિયમ, 2025ની કેટલીક મુખ્ય જોગવાઈઓ પર રોક લગાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં વક્ફ તરીકે જાહેર કરાયેલી મિલકતોને અદાલતો દ્વારા બિન-સૂચિત કરવાની સત્તા અને કેન્દ્રીય વક્ફ પરિષદો અને બોર્ડમાં બિન-મુસ્લિમોને સામેલ કરવાનો સમાવેશ થાય છે.

સર્વોચ્ચ અદાલતે આદેશ પસાર કરવાની દરખાસ્ત કરી હતી, જેનો કેન્દ્ર દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો કેમ કે તેણે આવા કોઈપણ વચગાળાના આદેશ પહેલાં વિગતવાર સુનાવણીની માગ કરી હતી. વક્ફ (સુધારા) અધિનિયમ, 2025ની બંધારણીયતા વિરુદ્ધ 72 અરજીઓ પર મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયમૂર્તિ કે. વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ સુનાવણી થઈ હતી.

ગુરુવારે સુનાવણી ચાલુ રાખનારી ખંડપીઠે કેન્દ્રીય વક્ફ પરિષદો અને બોર્ડમાં બિન-મુસ્લિમોને સામેલ કરવા પર નારાજગી વ્યક્ત કરી હતી અને કેન્દ્રને પૂછ્યું હતું કે શું તે હિંદુ ધાર્મિક ટ્રસ્ટોમાં મુસ્લિમોને સામેલ કરવા તૈયાર છે.

કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને મુસ્લિમ સંસ્થાઓ અને વ્યક્તિગત અરજદારો તરફથી કપિલ સિબ્બલ, રાજીવ ધવન, અભિષેક સિંઘવી, સી. યુ. સિંહ સહિતના વરિષ્ઠ વકીલોની દલીલો સાંભળ્યા બાદ મુખ્ય ન્યાયમૂર્તિએ એમ કહીને નોટિસ જારી કરવાનો અને વચગાળાનો આદેશ પસાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો કે તે સમાનતા સંતુલિત કરશે. કેટલીક જોગવાઈઓની "ગંભીર અસરો" થઈ શકે છે, ખાસ કરીને તે જે સંભવિત રીતે ન્યાયિક રીતે માન્યતા પ્રાપ્ત વક્ફ સંપત્તિઓને નબળી પાડે છે, એવું અવલોકન કરતા સીજેઆઈએ આદેશની દરખાસ્ત કરી હતી. સીજેઆઈએ પ્રસ્તાવ મૂક્યો, " જ્યારે અદાલત વક્ફ સુધારા અધિનિયમ 2025ને પડકારતી સુનાવણી કરી રહી છે ત્યારે અદાલતો દ્વારા વક્ફ તરીકે જાહેર કરાયેલી મિલકતોને બિન-સૂચિત ન કરવી જોઈએ, પછી ભલે તે વક્ફ દ્વારા હોય અથવા દસ્તાવેજ દ્વારા વક્ફ દ્વારા હોય. ખંડપીઠે સુધારેલા કાયદાની જોગવાઈ પર રોક લગાવવાનો પણ સંકેત આપ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું છે કે મિલકત સરકારી જમીન છે કે નહીં તે નક્કી કરવા માટે કલેક્ટરની તપાસ દરમિયાન વક્ફ મિલકતને વક્ફ તરીકે ગણવામાં આવશે નહીં. સીજેઆઈએ કહ્યું, "વક્ફ બોર્ડ અને કેન્દ્રીય વક્ફ કાઉન્સિલના તમામ સભ્યો મુસ્લિમ હોવા જોઈએ, સિવાય કે હોદ્દાની રૂએ સભ્યો. ખંડપીઠે આ કાયદાની જોગવાઈ મુજબના વાંધાઓની નોંધ લીધી હતી અને

...અનુસંધાન પાના 5 પર

### બિન-મુસ્લિમોને વક્ફમાં સામેલ કરવા મુદ્દે બેંચ અને સોલિસિટર જનરલ વચ્ચે ચકમક

જ્યારે ન્યાયાધીશોએ વક્ફ વહીવટમાં બિન-મુસ્લિમોને મંજૂરી આપવા પાછળના તર્ક પર સવાલ ઉઠાવ્યો ત્યારે સુનાવણી દરમ્યાન બેન્ચ અને સોલિસિટર જનરલ વચ્ચે તીવ્ર ચકમક ઝરી હતી. "શું તમે એવું સૂચન કરી રહ્યા છો કે મુસ્લિમો હવે હિન્દુ એન્ડોવમેન્ટ બોર્ડનો પણ ભાગ બની શકે? મહેરબાની કરીને તે ખુલ્લેઆમ જણાવો ", તેમણે મહેતાને કહ્યું. કાયદા અધિકારીએ જણાવ્યું હતું કે વક્ફ કાઉન્સિલમાં પદેન સભ્યો સિવાય બેથી વધુ બિન-મુસ્લિમ સભ્યોનો સમાવેશ કરવામાં આવશે નહીં, અને તેને સોગંદનામામાં જણાવવાની રજૂઆત કરી હતી. જોકે બેન્ચે કહ્યું કે નવા કાયદા હેઠળ સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલના 22 સભ્યોમાંથી માત્ર આઠ જ મુસ્લિમ હશે. "જો આઠ મુસ્લિમ હોય, તો બે ન્યાયાધીશ હોઈ શકે છે જે મુસ્લિમ ન પણ હોય. તેથી બિન-મુસ્લિમોની બહુમતી થાય. આ સંસ્થાની ધાર્મિક લાક્ષણિકતા સાથે કેવી રીતે સુસંગત છે? એમ બેંચે પૂછ્યું. આ તણાવ થોડા સમય માટે ત્યારે વધ્યો જ્યારે કાયદા અધિકારીએ તમામ હિન્દુ ન્યાયિક પીઠની તટસ્થતા પર સવાલ ઉઠાવ્યો. "જ્યારે અમે અહીં બેસીએ છીએ, ત્યારે અમારી વ્યક્તિગત ઓળખ ઉતારી લઈએ

...અનુસંધાન પાના 5 પર

### વક્ફ વિરોધી પ્રદર્શન પર હિંસા 'ખૂબ જ પરેશાન કરનારી': સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી.** સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે, વક્ફ (સુધારા) અધિનિયમ, 2025 સામેના વિરોધ પ્રદર્શનો દરમિયાન થઈ રહેલી હિંસા 'ખૂબ જ હેરાન કરનારી' છે. વક્ફ પર નવા સુધારેલા કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી કરતી વખતે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમાર અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ ટિપ્પણી કરી હતી. સીજેઆઈએ કહ્યું, ' 'એક બાબત જે ખૂબ જ હેરાન

...અનુસંધાન પાના 5 પર

### આગામી ચીફ જસ્ટિસ તરીકે ભૂષણ રામકૃષ્ણ ગવઈની નિમણૂકની ભલામણ



**નવી દિલ્હી, તા. 16 (PTI).** ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ બુધવારે કેન્દ્રને આગામી સીજેઆઈ તરીકે જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈના નામની ભલામણ કરી હતી. હાલના સીજેઆઈ ખન્ના પછી સુપ્રીમ કોર્ટના બીજા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ ગવઈ 13 મેના રોજ સીજેઆઈ ખન્નાની નિવૃત્તિ બાદ 14 મેના રોજ 52મા સીજેઆઈ બનવાના છે. 24 મે, 2019ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી પામેલા જસ્ટિસ ગવઈનો સીજેઆઈ તરીકે છ મહિનાથી વધુનો કાર્યકાળ રહેશે. તેઓ 23 નવેમ્બર, 2025ના રોજ નિવૃત્ત થવાના છે. ગયા વર્ષે 11 નવેમ્બરના રોજ 51મા સીજેઆઈ તરીકે શપથ લેનારા

...અનુસંધાન પાના 5 પર



■ હજારો વર્ષોથી ચેન્નાઈના દરિયા કિનારા પર આશ્રય લેતા દરિયાઈ કાચબા અને તેમના બચ્ચાંને બચાવવા માટે શહેરના નિવાસીઓ રાત્રે દરિયાકિનારા પર પેટ્રોલિંગ કરી રહ્યા છે. ફોટામાં દેખાય છે કે ચેન્નાઈના કોવલમ બીચ પર પોલીસ અધિકારીઓ ઓલિવ રિડલી કાચબાઓનું નિરીક્ષણ કરી રહ્યા છે. ઓલિવ રિડલી કાચબા અને તેમના ઈંડા, જેમાંથી બચ્ચા બહાર આવવામાં 60 દિવસ જેટલો સમય લાગી શકે છે, તેને ભૂખ્યા શ્વાનો, ભોજનની શોધમાં સ્થાનિક લોકો અને ગૂંચવણ ઉભી કરતી લાઇટોથી જોખમ છે.

## મહાદેવ એપ કેસઃ ઈડીએ ઈઝમાયટ્રીપના સહ-સ્થાપક પિટ્ટીના પરિસરો પર દરોડા પાડ્યા

**નવી દિલ્હી, તા. 16 (PTI):** મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપ્લિકેશન સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં નવા દરોડાના ભાગ રૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે ઓનલાઈન ટ્રાવેલ બુકિંગ પોર્ટલ ઈઝમાયટ્રીપના સહ-સ્થાપક નિશાંત પિટ્ટીના પરિસરોમાં તપાસ કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. દિલ્હી, મુંબઈ, ચંદીગઢ, અમદાવાદ, ઈન્દોર, જયપુર, ચેન્નાઈ અને ઓડિશાના સંબલપુર સહિત 55 જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું. કેસમાં ભેગા કરાયેલા કેટલાક નવા પુરાવાઓના પગલે આ નવા દરોડા પાડવામાં આવ્યા હતા, એમ

...અનુસંધાન પાના 5 પર




### કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને નવી જવાબદારી મળી

કેન્દ્રીય કૃષિમંત્રી અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને તાજેતરમાં એક નવી જવાબદારી મળી છે. તેઓ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' પર જાગૃતિ લાવવા માટે રચાયેલી એક ટીમનું નેતૃત્વ કરશે, જેના માટે એક સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ની રચના કરવામાં આવી છે, જેણે સમાજના વિવિધ વર્ગોના હિસ્સેદારોને મળવાનું અને તેમના મંતવ્યો મેળવવાનું શરૂ કરી દીધું છે. ચૌહાણ, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સુનીલ બંસલ સાથે મળીને દેશભરમાં એકસાથે ચૂંટણી કરાવવાના મહત્ત્વ વિશે લોકોને શિક્ષિત કરવા માટે વ્યૂહરચના તૈયાર કરશે. જ્યારે વિરોધ પક્ષો તેમજ કેટલાક ભાજપના નેતાઓએ પ્રસ્તાવિત કાયદાની અસર અંગે આશંકા વ્યક્ત કરી છે ત્યારે આવું બન્યું છે. ચૌહાણ અને બંસલ બંને વ્યૂહરચના બનાવશે અને પક્ષના કાર્યકરોમાં પણ આવી બધી આશંકાઓને દૂર કરવાના માર્ગો બનાવશે. ચૌહાણ આ પેનલનું નેતૃત્વ કરવાથી નરેન્દ્ર મોદી સરકારમાં તેમનું વધતું

...અનુસંધાન પાના 5 પર

## રાજકોટ ઈન્દિરા સર્કલ પર સિટી બસચાલકે ચારને કચડી નાંખ્યા

**રોષે** ભરાયેલા લોકોએ બસમાં તોડફોડ કરી, બસ ડ્રાઈવર નશામાં હોવાની વાત

**રાજકોટ** મનપાની મૃતકો માટે 15-15 લાખ, ઈજાગ્રસ્તો માટે બે લાખની સહાયની જાહેરાત



**ગાંધીનગરઃ** રાજકોટ સિટી બસચાલકે બેફામ રીતે બસ ચલાવતા સર્જાયેલા અકસ્માતના પગલે ચાર વ્યક્તિઓનું મૃત્યુ થયું છે. રાજકોટના ઈન્દિરા સર્કલ નજીક સિટી બસચાલકે અકસ્માત સર્જ્યો હતો. ઈન્દીરા સર્કલ પાસે સીટી બસે 6 લોકોને અડફેટે લીધા હતા. જે પૈકી ચાર લોકોનું તો ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. મૃતકોમાં કિરણબેન કક્કડ, ચિન્મયભાઈ ઉર્ફે લાલો જીગ્નેશ ભટ્ટ, રાજુભાઈ મનુભાઈ ગીડા (ઉં.વ.35) અને સંગીતાબેન નેપાળી (ઉં.વ 40)

...અનુસંધાન પાના 5 પર

## દિલ્હીમાં સોનું 1650 ઉછળીને રૂ. 98000ને પાર

**ચાંદી** 1900 વધીને રૂ. 99,400 પ્રતિ કિલો થઈ, આ વર્ષે અત્યાર સુધી સોનાના ભાવમાં રૂ. 18,710નો અથવા 23.56 ટકાનો વધારો થયો

**એમસીએક્સમાં** સોનું 95000ને પાર

**મુંબઈ, તા. 16 (PTI):** ભારતીય શેરબજારની સાથે સાથે સોના-ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. આજે દિલ્હીમાં સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ રૂ. 1650નો વધારો થઈ તે રેકોર્ડ રૂ. 98,100ની સપાટીએ પહોંચ્યું હતું અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ રેકોર્ડ 3300 ડોલરને પાર પહોંચ્યો હતો. અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા વેપાર યુદ્ધના પગલે વૈશ્વિક રોકાણકારો સુરક્ષિત રોકાણ મનાતા સોના તરફ જઈ રહ્યા હોવાના કારણે આ વધારો જોવા મળી રહ્યો છે.

સોનામાં 11 એપ્રિલ બાદ એક દિવસમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે ત્યારે સોનામાં પ્રતિ 10 ગ્રામ રૂ. 6250નો વધારો થયો હતો જે સ્થાનિક બજારમાં અત્યાર સુધીનો સૌથી વધુ વધારો છે.

નિષ્ણાતો પણ ટુંકસમયમાં સોનાની કિંમત પ્રતિ 10 ગ્રામ એક લાખને પાર કરવાની વાત કરી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધી સોનાના ભાવમાં રૂ. 18,710નો અથવા 23.56 ટકાનો વધારો થયો છે. 2025માં ચાઈનીઝ ગોલ્ડ ઈટીએફમાં એક અબજ ડોલરની વિક્રમી ખરીદી



કર્યાના અહેવાલ છે. તેની સાથે અન્ય દેશોની સેન્ટ્રલ બેન્કો દ્વારા પણ સોનુ ખરીદવામાં આવી રહ્યું હોવાથી સોનામાં વિક્રમી તેજી જોવા મળી રહી છે. બીજી તરફ, બજારને જુનમાં યુએસમાં દરો ઘટવાની અપેક્ષા છે, આ તમામ કારણોને જોતા સોનામાં વણથંભી તેજી જોવા મળી રહી છે. જે 2025ની શરૂઆતથી અત્યાર સુધીમાં 32 ટકા ઉછળી ચુક્યું છે. ઓલ ઈન્ડિયા સર્રાફા એસોસિએશન મુજબ 99.9 ટકા શુદ્ધ સોનું મંગળવારે પ્રતિ 10 ગ્રામ રૂ. 96,450 પર બંધ થયું હતું. 99.5 ટકા શુદ્ધતાનું સોનું રૂ. 1650 વધીને રૂ. 97,650 પ્રતિ ગ્રામ થયું હતું. ચાંદીની કિંમતોમાં પણ રૂ. 1900નો વધારો થયો હતો, તેની કિંમત હવે પ્રતિ કિલો રૂ. 99,400

...અનુસંધાન પાના 5 પર

## ચીન પર હવે 245 ટકા ટેરિફ

**ચીને** બદલો લેવા માટેનાં પગલાં લીધા હોવાના કારણે તેના પર ભારે ટેરિફ લાદવામાં આવ્યોઃ વ્હાઈટ હાઉસ

75થી વધુ દેશોએ નવા વેપાર સોદાઓ પર ચર્ચા કરવા માટે સંપર્ક કર્યો

**વોશિંગ્ટન, તા. 16 (PTI):** ચીન હવે યુનાઇટેડ સ્ટેટ્સમાં થતી આયાત પર 245 ટકા સુધીના ટેરિફનો સામનો કરી રહ્યું છે કારણ કે તેણે બદલો લેવા માટેના પગલાં લીધા હતા, એમ વ્હાઇટ હાઉસે કહ્યું હતું, જ્યારે વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વેપાર યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ટ્રુથ સોશિયલ પર એક અલગ પોસ્ટમાં, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે ચીને 'મોટા બોઈંગ સોદાથી હમણાં જ ઇનકાર કર્યો છે, અને કહ્યું છે કે તેઓ વિમાનનો કબજો લેશે નહીં.' તેમણે તે અહેવાલોની પુષ્ટિ કરી હતી કે ચીને તેની એરલાઇન્સોને અમેરિકન વિમાન ઉત્પાદક બોઈંગ પાસેથી વિમાનોની ડિલિવરી ન લેવા કહ્યું છે. પોસ્ટમાં, તેમણે ચીન જેવા તેના વિરોધીઓ સાથેના વેપાર યુદ્ધમાં અમેરિકા અને તેના ખેડૂતોનું રક્ષણ કરવાના પણ શપથ લીધા હતા. મંગળવારે વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પે મહત્વના પ્રોસેસ્ડ

...અનુસંધાન પાના 5 પર

### ટેરિફ મડાગાંઠ દૂર કરવા ટ્રમ્પની હાકલ બાદ ચીને નવા આંતરરાષ્ટ્રીય વેપાર પ્રતિનિધિની નિમણૂક કરી

**બીજિંગ.** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ટેરિફ મડાગાંઠને સમાપ્ત કરવાનો સોદો કરવા માટે બોલ બીજિંગના કોર્ટમાં છે ત્યારબાદ ચીને બુધવારે આંતરરાષ્ટ્રીય વાટાઘાટો કરનાર ટોચના અધિકારીની નિમણૂક કરી હતી. જો કે ટ્રમ્પે ચીની નિકાસ પર ટેરિફ 245 ટકા સુધી વધારી દીધો છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે લી ચેંગગાંગને તેના નવા આંતરરાષ્ટ્રીય વેપાર પ્રતિનિધિ તરીકે નિયુક્ત

...અનુસંધાન પાના 5 પર

## ઈડીએ સતત બીજા દિવસે રોબર્ટ વાડ્રાની 5 કલાક પૂછપરછ કરી

**પ્રિયંકા** ગાંધી પણ વાડ્રા સાથે ઈડીની ઓફિસે ગયાં હતાં જ્યાં તેઓ મુલાકાતીઓ માટેના રૂમમાં રોકાયા હતાં

**નવી દિલ્હી, તા. 16 (PTI):** ઉદ્યોગપતિ અને કોંગ્રેસના રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડ્રાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા 2008ના હરિયાણા જમીન સોદાથી સંબંધિત મની લોન્ડરીંગ કેસમાં સતત બીજા દિવસે અંદાજે 5 કલાક સુધી પૂછપરછ કરી હતી.

...અનુસંધાન પાના 5 પર



### હું ટૂંક સમયમાં રાજકારણમાં જોડાઈશઃ વાડ્રા

**નવી દિલ્હી.** રોબર્ટ વાડ્રાએ દાવો કર્યો હતો કે તેઓ ગાંધી પરિવારનો ભાગ છે એટલે તેમને લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે જો તેઓ ભાજપમાં હોત તો વસ્તુઓ અલગ હોત. વાડ્રાએ કહ્યું હતું કે તેઓ હવે એક ચળવળકાર બન્યા છે અને ટૂંક સમયમાં રાજકારણમાં જોડાશે કારણ કે તેઓ વર્ષ 1999થી લોકો

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૬-૦૪-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૬° સે. | ૨૬.૦° સે. | ૩૭% |